# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) **રાજ્ય સરકાર દ્વારા આજથી 21 ડિસેમ્બર સુધી 21 જિલ્લા અને 6 મહાનગરપાલિકામાં “રક્તપિત્ત નાબૂદી કાર્યક્રમ” યોજાશે.**
2) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મુખ્યમંત્રી તરીકેના બીજા કાર્યકાળને આજે 2 વર્ષ પૂર્ણ થતાં વિવિધ કાર્યક્રમો યોજાશે**
3) **ગુજરાત વડી અદાલતે લેન્ડ ગ્રેબિંગ કેસમાં માર્ગદર્શિકા જાહેર કરી.**
4) ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ‘રાજ્યમાં દરેક પોલીસ મથકદીઠ એક સાયબર નિષ્ણાતની નિમણૂક કરવાનો નિર્ણય કરાયો.’
5) **આગામી ત્રણ દિવસ લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર ન થવાની આગાહી, 5 ડિગ્રી સેલ્સિયસ સાથે નલિયા સૌથું ઠંડુ શહેર**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAKTPITT NIRMULAN KARYAKRAM

રાજ્ય સરકાર દ્વારા આજથી 21 ડિસેમ્બર સુધી “રક્તપિત્ત નાબૂદી કાર્યક્રમ” યોજાશે. નાગરિકોમાં રક્તપિત્ત રોગ અંગે જાગૃતિ આવે અને તેની વિનામૂલ્યે સારવાર મળી રહે તે માટે રાજ્યભરમાં રાષ્ટ્રીય રક્તપિત્ત નાબૂદી કાર્યક્રમ અમલમાં મૂકાયો છે એમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં જણાવ્યા મુજબ, અમરેલી, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર સહિત 21 જિલ્લાઓ તેમજ 6 મહાનગરપાલિકામાં આ અભિયાન ચલાવાશે. દરમિયાન ગત 5 વર્ષમાં સૌથી વધુ રક્તપિત્તના કેસ નોંધાયા હોય તેવા વિસ્તારની તપાસણી કરાશે.

ઉપરાંત જિલ્લાઓના નિયત કરેલા 164 તાલુકાઓમાં રક્તપિત્ત તપાસ અભિયાન અંતર્ગત આશા અને પુરુષ સ્વયંસેવકોની ટુકડીઓ ઘરેઘરે જઈ રક્તપિત્ત અંગે લોકોને સમજ આપશે.

---------------------------------------------------------------------

- **(GUJARAT INFORMATION- PRAVESH_A.)**, NAVIN

# CM TWO YEARS

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મુખ્યમંત્રી તરીકેના બીજા કાર્યકાળને આજે 2 વર્ષ પૂર્ણ થયા છે. શ્રી પટેલના હસ્તે આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે '2 વર્ષ: સેવા, સંકલ્પ અને સમર્પણ'ના પુસ્તકનો વિમોચન કાર્યક્રમ યોજાશે. આજના દિવસની ઉજવણી પ્રસંગે "ગ્યાન" એટલે કે, ગરીબ, યુવા, અન્નદાતા, નારીશક્તિને લગતા વિકાસના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.**

## (VOICE CAST- HINA MODI)

*(મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમની બીજી ટર્મની ધૂરા 12મી ડિસેમ્બર 2022માં સંભાળી હતી.. ત્યારે આજે આ શાસનકાળને બે વર્ષ પૂર્ણ થયા છે.. આ નિમિત્તે પ્રજાકિય કલ્યાણના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં અમદાવાદમાં મુખ્યમંત્રીના હસ્તે શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ થશે.. આ ઉપરાંત ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે રાજ્ય સરકારના વિભાગોમાં 600 યુવાઓને નિમણૂક પત્રો એનાયત કરાશે. ખેત પેદાશોના મહત્તમ ઉત્પાદન, વેલ્યુએડિશન, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ તેમજ પ્રાકૃતિક ખેતીને વેગ આપવા FPOને મુખ્યમંત્રી સંવાદ કાર્યક્રમ યોજીને માર્ગદર્શન આપશે. સાંજે 300 જેટલી મહિલા સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેટર્સ સાથે અમદાવાદમાં આઈ-હબ ખાતે વાતચીત કરશે.)*

---

- **(GUJARAT INFORMATION- PRAVESH_A. – HINA MODI)**, NAVIN

# LAND GRABBING

રાજ્યમાં લેન્ડ ગ્રેબિંગ એટલે કે, જમીન પચાવી પાડવાના કેસમાં ગુજરાત વડી અદાલતે માર્ગદર્શિકા જાહેર કરી છે. લેન્ડ ગ્રેબિંગના દૂષણને ડામવા અને તેમાં પક્ષકારોને તટસ્થ અને અસરકારક ન્યાય મળે તે માટે વડી અદાલતે આ માર્ગદર્શિકા જાહેર કરી છે. જેતે જિલ્લા કલેક્ટરના વડપણ હેઠળની તપાસ સમિતિએ આ માર્ગદર્શિકાનું કડક પાલન કરવું પડશે. માર્ગદર્શિકા મુજબ, દરેક જિલ્લા સમિતિનો એક અલગ વિભાગ હશે. આ માટે શક્ય તેટલી વહેલી તકે નિમણૂક કરાશે.

અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે, લેન્ડ ગ્રેબિંગના કેસમાં થોડા સમય પહેલાં જ એક 65 વર્ષીય વ્યક્તિને ખોટી રીતે જેલમાં જવાનો કેસ વડી અદાલત સામે આવતાં વડી અદાલતનાં મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગરવાલ અને ન્યાયાધીશ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે આ મામલે ગંભીર નોંધ લીધી હતી. વડી અદાલતે હવે લેન્ડગ્રેબિંગના કેસને લઈ વિશેષ નિર્દેશો આપ્યા છે.

---------------------------------------------------------------------

- **(PTC AHMEDABAD- PRAVESH_A.)**, NAVIN

# PORBANDAR MAGFALI

પોરબંદર જિલ્લામાં અત્યાર સુધીમાં ૧00થી વધુ ખેડૂતો પાસેથી ૪0 હજાર ગુણી મગફળીની ટેકાના ભાવે ખરીદી કરાઈ છે. હજી પણ ખેડૂતો વેચાણ કરી શકે તે માટે ખેડૂતોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. આ વર્ષે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા એક મણના એક હજાર 356 રૂપિયાના ભાવે ખરીદી કરાઈ રહી છે.

---

- પીટીસી પોરબંદર કરણ, NAVIN

# CYBER SECURITY COMMAND CENTRE

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે દેશના પ્રથમ A.I. એટલે કે, કૃત્રિમ બુદ્ધિમત્તા સંચાલિત ઇન્ટિગ્રેટેડ સાયબર સિક્યોરિટી કમાન્ડ્સ કન્ટ્રોલ સેન્ટરનો પ્રારંભ કરાવ્યો હતો. ગાંધીનગરના રાંચરડા ખાતે આવેલી ઇન્ડસ વિશ્વ-વિદ્યાલયમાં આ કેન્દ્રનો પ્રારંભ કરાવતા શ્રી સંઘવીએ કહ્યું, સાયબર ગુનાઓને રોકવા આ કેન્દ્ર દ્રોણા એટલે કે, ડિટેક્શન રિસ્પોન્સ ઑર્ગેનાઈઝેશન નેટવર્ક એનાલિસીસ 2.0 થકી ખૂબ સારા પરિણામો મળશે તેવો મને વિશ્વાસ છે.

દરમિયાન શ્રી સંઘવીએ લોકોને સાયબર છેતરપિંડીથી બચવા સાવચેત રહેવા સૂચન કર્યું હતું. તેમણે ઉમેર્યું, રાજ્યમાં દરેક પોલીસમથક દીઠ એક સાયબર નિષ્ણાતની નિમણૂક કરવાનો નિર્ણય લેવાયો છે. ભવિષ્યમાં આ ક્ષેત્રમાં ઘણી મોટી તક સાયબર સુરક્ષાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે.

------------------------------------------------------------------------

- (GUJARAT INFORMATION.- PRAVESH_A.), NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

……………………………………

# EVM CHECK

છોટાઉદેપુર નગરપાલિકા અને કેટલીક તાલુકા પંચાયતની પેટા-ચૂંટણીને લઈ ચૂંટણી પંચ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. તે અંતર્ગત EVM મશીનોની પ્રાથમિક ચકાસણી કરવામાં આવી હતી. જિલ્લાના નાયબ કલેક્ટર વિમલ બારોટે આ અંગે માહિતી આપી હતી..

(બાઈટ : વિમલ બારોટ, નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી, છોટાઉદેપુર)

---------------------------------------------------------------------

- NDMS, HINA MODI, SONAL

# RAILWAY UR COACH

પશ્ચિમ રેલવે દ્વારા ગત જુલાઈથી ડિસેમ્બર મહિના સુધીના સમયગાળામાં 78 જોડી ટ્રેનમાં સામાન્ય શ્રેણીના 150 વધારાના નવા ડબ્બા જોડવામાં આવ્યા છે. આનાથી સમાજના આર્થિકરૂપે અશક્ત વર્ગો માટે મુસાફરીની સુવિધા સરળ બનશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું કે, દેશના તમામ રેલવે ઝોન અને વિભાગમાં વધારાના સામાન્ય ડબ્બાઓ જોડવાની પ્રક્રિયા ચાલી રહી છે. સામાન્ય ડબ્બાઓની વધતી માગને પહોંચી વળવા વિશેષ ઉત્પાદન કાર્યક્રમ શરૂ કરાયો છે. આ નાણાકીય વર્ષમાં એક હજાર 914 કોચ પહેલેથી જોડાવામાં આવ્યા છે, જેમાં 384 કોચ અને 185 મેમૂ કોચનો સમાવેશ થાય છે. વર્ષ 2024-25માં એક હજાર 900થી વધુ નૉન-એસી કોચ જોડવામાં આવ્યા છે, જેનો લાભ લગભગ 72 લાખ મુસાફરોને મળશે.

---

- પીટીસી અમદાવાદ કરણ , NAVIN

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર ન થવાની આગાહી વ્યક્ત કરી છે.

વિભાગના જણાવ્યા મુજબ, આ ત્રણ દિવસ બાદ ધીમે ધીમે તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવી શકે છે. રાજ્યમાં હાલમાં 5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું છે. જ્યારે ગાંધીનગરમાં 14.3, અમદાવાદમાં 13.4, વડોદરામાં 12, અમરેલીમાં 11.8, ભુજમાં 11, કંડલા હવાઈમથક પર 10.5 અને રાજકોટમાં 9.7 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

---

- **(IMD AHMEDABAD- PRAVESH_A.)**, NAVIN

# DWARKA JAL JAP DIKSHA PROGRAM

દેવભૂમિદ્વારકાના દરિયાકાંઠે આગામી 21મી ડિસેમ્બરે વિશ્વ જળમગ્ન શહેર દિવસ નિમિત્તે શ્રીકૃષ્ણ જળ જપ દીક્ષા' કાર્યક્રમ યોજાશે. એક સંસ્થા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં 70 જેટલા નર્તકો કૃષ્ણભક્તિનાં ગીતો પર નૃત્ય પ્રસ્તુત કરશે. ઉપરાંત જિલ્લામાં વિશેષ હોમનું પણ આયોજન કરાયું છે.

આ અંગે સંસ્થાના વડા અને સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠનના સભ્ય રવીન્દ્ર જીતે જણાવ્યું કે દરિયામાં જળમગ્ન પ્રાચીન દ્વારિકાનગરીના તળીયે બેસીને સાત સ્કૂબા ડાઇવર્સ કૃષ્ણજાપ કરશે.

ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમમાં અતૂલ્ય ભારત ઉપરાંત ગુજરાત, તેલંગાણા અને આંધ્રપ્રદેશના પ્રવાસન વિભાગ પણ સહભાગી થશે.

---

- અપર્ણા ખૂંટ, કરણ, NAVIN

# OSAM AROHAN AVROHAN

રાજ્યકક્ષાની પાંચમી ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધા આગામી 24 ડિસેમ્બરે ધોરાજી તાલુકામાં આવેલા ઓસમ પર્વત ખાતે યોજાશે. રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ સ્પર્ધા જુનીયર વિભાગનાં ભાઈઓ તેમજ બહેનોના બે ભાગમાં યોજાશે. નિયત સમયમાં અરજી કરનારા સ્પર્ધકો જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે તેમ રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારી યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------

- રાજકોટ પીટીસી કરણ, NAVIN